# 8. શરદીના પ્રતાપે



**જ્યોતીન્દ્ર દવે**

**(જન્મ : ઈ.સ. 1901 મૃત્યુ : ઈ.સ. 1980)**

જ્યોતીન્દ્ર દવેનો જન્મ સુરતમાં થયો હતો. તેઓ અધ્યાપક હતા તથા સરકારી ખાતામાં ભાષાંતરકાર તરીકે સેવાઓ આપી હતી. મુખ્યત્વે તેઓ હાસ્યલેખક હતા. તેમણે 'રંગતરંગ' ભાગ 1 થી 6, 'અલ્પાત્માનું આત્મ-પુરાણ', 'રેતીની રોટલી' વગેરે હાસ્યલેખોના અનેક સંગ્રહો (પુસ્તકો) આપ્યા છે. તેમણે નાટ્યરૂપાંતર, અનુવાદ વગેરેનાં કામ પણ કર્યાં છે.

એકને બોલવામાં અને બીજાને સાંભળવામાં તકલીફ હોય તેવી બે વ્યક્તિઓ ભેગી થઈ જાય તો તેમની વચ્ચેની વાતચીત કાકા કહેતાં કથરોટ જેવી થાય છે. અહીં શરદીના કારણે આવી તકલીફવાળા બે સજ્જનો વચ્ચેનો સંવાદ આપ્યો છે, જે હાસ્યપ્રેરક છે. આ ગદ્યખંડ 'રેતીની રોટલી'માંથી સંપાદિત કરી લેવામાં આવ્યો છે.

પદ્ય અને ગદ્ય એમ બે પ્રકાર સાહિત્યમાં છે. ગદ્યમાં નાટક, નવલિકા, નવલકથા, પત્ર, નિબંધ... વગેરે સાહિત્ય સ્વરૂપનો સમાવેશ થાય છે. ગદ્યએ પદ્યના માફક ગેય અથવા ગાઈ ન શકાય તેવું લખાણ હોય છે. જે સાદું, સરળ કે સમજાઈ જાય તેવું હોય છે.

---

મારે એક વખત એક જાણીતા સજ્જનને અમુક કામને અંગે મળવા જવાનું હતું. એ સદ્‌ગૃહસ્થની બીજી બધી ઈન્દ્રિયો કરતાં કાન કંઈ ઓછું કાર્ય કરે છે એ વાતની મને ખબર નહોતી. તે દિવસે હવામાં શરદી હતી. ગળે પડવાની ટેવ બીજાં બધાં કરતાં શરદીને વધારે હોય છે – એ જાણીતું છે; અને તેમાંય મારા કંઠ માટે શરદીને અસલથી પક્ષપાત છે. એટલે તે દિવસે ગળામાં શરદીને મગજમાં ગરમી–કંઠ બેઠેલો ને મગજ તપેલું–એવી કાંઈક મારી સ્થિતિ હતી. હું એ સદ્‌ગૃહસ્થને મળ્યો ત્યારે અવાજ ઠેઠ ઊંડો ઊતરી ગયેલો હતો, અને શરદીને લીધે એમના કાન વધારે અશક્ત બન્યા હતા. અમારી વચ્ચે શો સંવાદ થયો તે પૂરેપૂરો યાદ નથી, પણ કંઈક નીચે પ્રમાણે હતો :

મને આવકાર આપતાં-આપતાં એ સદ્‌ગૃહસ્થ બોલ્યા, "ઓહો ! આજ કંઈ આ તરફ ? કેમ તબિયત તો સારી છે ને ?"

"આપનું જરા કામ હતું. તબિયત મજામાં છે. જરા શરદી થઈ છે. બાકી બીજી રીતે કુશળ છું."

"મને શરદી થઈ છે એમ તમને કોણે કહ્યું ? એ તો જરા નહિ જેવાં સળેખમ અને ઉધરસ થયાં છે. તમારે જોવા આવવાની–અહીં સુધી આવવાની–તસ્દી લેવા જેવું કંઈ નથી."

મને લાગ્યું કે એમના સમજવામાં કંઈ ભૂલ થઈ છે. પણ તે સુધારવાનો પ્રયત્ન ન કરતાં મેં કહ્યું, "હવે કેમ છે ? દવાબવા તો કરો છો ને ?"

"હા અહીંની હવા જરા એવી છે ખરી, પણ હવાફેર જવાનું હજી નક્કી કર્યું નથી. એ તો ઠીક, પણ ચહાબહા લેશો ને ?"

“ચહાની બનતાં સુધી હું ના નથી કહેતો ને આ શરદીમાં તો બહુ જ ઠીક પડશે.”

“બનતાં સુધી તમે ચહા નથી પીતા તે ઘણું સારું. પણ ચહા શરદી કરે એમ તમને કોણે કહ્યું ? વારુ, કૉફી લેશો ?”

“કૉફીનો પણ અત્યારે વાંધો નથી.”

“કૉફીનો ડૉક્ટર વાંધો લે છે ? ઠીક ત્યારે કોકો ?”

મોઢેથી બોલીશ તો ચહા અને કૉફીની પેઠે કોકેયે ગુમાવીશ એમ લાગવાથી મેં ડોકા વડે હા કહી. ને આખરે અમારે માટે કોકો મુકાયો.

“આ ઘર તમને ફાવે છે કે નહિ” મેં પૂછ્યું. તેઓ બોલી ઊઠ્યા; “વર ? સુલોચના (એમની પુત્રી) માટે વર હજી શોધ્યો નથી. હજી નાની છે. શી ઉતાવળ છે ?”

આ પ્રમાણે ‘દવા’ ને બદલે ‘હવા’ અને ‘ઘર’ ને બદલે ‘વર’ સાંભળનાર સાથે જે વાત કરવા આવ્યો હતો તે વાણી દ્વારા કરવી અશક્ય છે એમ મને લાગ્યું. તેથી પત્ર લખી એ વાત એમને જણાવવી એવો નિશ્ચય કર્યો. થોડીઘણી આડી-અવળી વાત, અલબત્ત ઉપર પ્રમાણે જ કરીને મેં આખરે કહ્યું, “હવે રજા લઉં છું.”

“અરે ! મારા મહેરબાન ! આમ શું બોલો છો ? તમે આવ્યા તેમાં મને સજા થઈ ! ઊલટો આનંદ થયો. આપણી વાત સાંભળનારા અને સાંભળે તોયે સમજનારા છે કેટલા ?”

“બહુ ઓછા.” હું મનમાં બોલ્યો અને મૂંગે મોંએ એમની રજા લઈ ચાલતો થયો.

(‘રેતીની રોટલી’માંથી સંપાદિત)

## ટિપ્પણ

**સજ્જન** - સારો માણસ, ગુણવાન વ્યક્તિ **સદ્ગૃહસ્થ** - પ્રતિષ્ઠિત માણસ, સજ્જન **ઈન્દ્રિયો** - ચામડી, આંખ, કાન, નાક અને જીભ કે જેના વડે સંવેદના અનુભવાય **ગળે પડવું** - માથે નાખવું **આળ ચડાવવી** આરોપ લગાવવો **પક્ષપાત** - તરફદારી **અશક્ત** - શક્તિ વિહીન **તસ્દી લેવી** - તકલીફ લેવી **હવાફેર** - મન પ્રફુલ્લિત કરવા જુદા વાતાવરણમાં જવું **ઠીક પડશે** - સારું લાગશે **ડોકા વડે** - ગરદનથી, ડોકથી **ઉતાવળ** - ઝડપ **કોકો** - નાળિયેરીના જેવા એક ઝાડનાં બીજની ભૂકી, જેનું પીણું બનાવાય છે **મૂંગે મોંએ** - મનમાં, બોલ્યા વિના **મનથી રજા લેવી** - પરવાનગી લેવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. લેખક એક સજ્જનને મળવા ગયા તે વખતે તેમને કઈ વાતની ખબર ન હતી ?
2. લેખકને આવકાર આપતાં સદ્ગૃહસ્થે શું કહ્યું ?
3. લેખકને કેમ એમ લાગ્યું કે સદ્ગૃહસ્થની સમજવામાં ભૂલ થઈ છે ?
4. “આ ઘર તમને ફાવે છે કે નહીં” ? એમ પૂછતાં સજ્જને શો જવાબ આપ્યો ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. સજ્જનને મળવા જતી વખતે લેખકની મનોસ્થિતિનું વર્ણન કરો.
2. સજ્જને પોતાની પુત્રી માટે કેમ કોઈ વર શોધ્યો ન હતો ?
3. કોકો માટે લેખકે ડોક હલાવીને સંમતિ કેમ આપી ?
4. લેખકને ચા કેમ ન મળી ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1. સજ્જનને સમજવામાં કંઈક ભૂલ થઈ છે તેવું લેખકને ક્યારે લાગ્યું ?
2. શરદીને કારણે લેખક - સજ્જન વચ્ચે થયેલી ગેરસમજનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. સજ્જનના કાન વધારે અશક્ત બન્યા હતા.
2. લેખક ચા માટે ના નથી કહેતા.
3. લેખકે પોતાની વાત પત્ર દ્વારા લખી જણાવી.

**પ્રશ્ન 5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

1. સજ્જન 2. સંવાદ
3. સમજ 4. આનંદ
5. દિવસ 6. અશક્ત

**પ્રશ્ન 6. શરદીના પ્રતાપે સજ્જન ગૃહસ્થે નીચેના શબ્દોને બદલે કયા શબ્દો સાંભળ્યા ? તે લખો.**

1. દવા ...........
2. ઘર .............
3. રજા ...........

**પ્રશ્ન 7. નમૂના પ્રમાણે આપેલ શબ્દ આગળ 'અ' લગાડી નવો શબ્દ બનાવો, તેનો અર્થ લખો.**

1. શક્તિ - અશક્તિ = .....................
2. શક્ય - ............... = .....................
3. સત્ય - ................ = .....................
4. ખંડ - ................. = .....................
5. માન્ય - ................ = .....................
6. તૃપ્ત - ................. = .....................

## પ્રવૃત્તિ

1. વર્તમાનપત્રમાંથી કોઈ એક હાસ્યલેખ પસંદ કરી તેનું વર્ગમાં વાચન કરો.
2. મિત્રો સાથે મળીને આ હાસ્યલેખનું નાટ્યરૂપાંતરણ પ્રાર્થનાસભામાં રજૂ કરો.
3. તમારી સાથે બનેલા હાસ્યપ્રસંગો મિત્રોને સંભળાવો.

## ભાષાસજ્જતા

### વચન

● નીચે આપેલાં બંને વિભાગનાં વાક્યો ધ્યાનથી વાંચો અને સમજો

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| 1. આ છોકરો છે. | આ છોકરાં/છોકરાઓ છે. |
| 2. પેલી ગાય છે. | પેલી ગાયો છે. |
| 3. મારી પાસે પુસ્તક છે | મારી પાસે પુસ્તકો છે. |
| 4. છોકરી દડો રમે છે. | છોકરીઓ દડા/દડાઓ રમે છે. |
| 5. પેલું છોકરું રમે છે. | પેલાં છોકરાં રમે છે. |

ઉપર આપવામાં આવેલા 'અ' વિભાગના રેખાંકિત શબ્દો એક વ્યક્તિ, પ્રાણી કે વસ્તુનું સૂચન કરે છે. જ્યારે 'બ' વિભાગમાં રેખાંકિત શબ્દો એક કરતાં વધારે વ્યક્તિ, પ્રાણી કે વસ્તુનો નિર્દેશ કરે છે.

- જ્યારે કોઈ શબ્દ બોલવાથી, લખવાથી કે વાંચવાથી તે એક જ વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ છે એમ સમજાય ત્યારે તે શબ્દ 'એકવચન' કહેવાય છે.
- જ્યારે કોઈ શબ્દ બોલવાથી, લખવાથી કે વાંચવાથી તે એકથી વધારે વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ છે એમ સમજાય ત્યારે તે શબ્દ 'બહુવચન' કહેવાય છે.

દા.ત. : ગુજરાતી ભાષામાં બે વચન છે (1) એકવચન (2) બહુવચન

| એકવચન | બહુવચન |
|---|---|
| અક્ષર | અક્ષરો |
| પુસ્તક | પુસ્તકો |
| પેન | પેનો |
| લાકડી | લાકડીઓ |
| લાડવો | લાડવા/લાડવાઓ |
| માણસ | માણસો |
| સ્ત્રી | સ્ત્રીઓ |
| નદી | નદીઓ |

### કેટલીક સ્પષ્ટતા

**1. કેટલીકવાર એકવચન અને બહુવચનમાં એકનું એક રૂપ પણ વપરાય છે. જેમકે,**

1. સુનિલે ફળ ખાધું. ('ફળ' એકવચન)
   સુનિલે બધાં ફળ ખાધાં. ('ફળ' બહુવચન)
2. આ મારી ગાય છે. ('ગાય' એકવચન)
   આ બધી મારી ગાય છે. ('ગાય' બહુવચન)

3. પેલું વડનું ઝાડ છે. ('ઝાડ' એકવચન)
   પેલાં વડનાં ઝાડ છે. ('ઝાડ' બહુવચન)

2. **કેટલીક સંજ્ઞાઓ એકવચનમાં જ વપરાય છે. જેમકે,**
   પ્રેમ, પાણી, પેટ્રોલ, ખાંડ, ક્રોધ, સોનું, ટપાલ
   (ખાસ કરીને દ્રવ્યવાચક નામો)

3. **કેટલીક સંજ્ઞાઓ એકવચનની હોવા છતાં બહુવચનમાં જ વપરાય છે જેમ કે,**
   સમાચાર, લગન, પ્રણામ, અભિનંદન, બાજરી, દાળ

4. **કેટલાંક રોગનાં નામ બહુવચનમાં જ વપરાય છે.**
   અછબડા, ઓરી, શીળી, મસા

5. **કેટલીક સંજ્ઞાઓનું એકવચન હોતું જ નથી તે બહુવચન જ દર્શાવે છે. જેમ કે,**
   ચંપલ, ચશ્માં, હવાપાણી, માબાપ, જૂતાં

જેમ જેમ આગળ અભ્યાસ કરતા જશો તેમ તેમ આ અંગે વિશેષ માહિતી મળતી જશે.

## સ્વાધ્યાય

1. **એકવચન કરો** - બહેનો, ખડિયા, શિક્ષકો, ચિત્રો, પાનાં
2. **બહુવચન કરો** - લાડવો, પેન્સિલ, પાટલી, ભાઈ, દલીલ
3. **નીચેના વાક્યોને એક વચનમાંથી બહુવચન અને બહુવચનમાંથી એકવચનમાં ફેરવો.**
   1. હસતો ચેહરો સૌને ગમે.
   2. મારી નોટમાં લીસું પાનું છે.
   3. બહેનો ભાઈઓને રાખડીઓ બાંધે છે.
   4. વાંદરાઓ ફળો ખાતા નથી.
   5. વર્ગખંડમાં પાટલી નથી.